સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોને
પ્રમાણપત્રો આપવા બાબત....

---

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
પરિપત્ર ક્ર: બકર-૧૪૭૮-૫-૩૨૯૭-હ,
તા. ૨૬ જૂન, ૧૯૭૮.

પ રિ પ ત્ર.

આ વિભાગના તા. ૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૨૨૪૫૮-હ અન્વયે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગોને જરુરી પ્રમાણપત્રો આપવા માટે જુદા જુદા અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. કોઇ વ્યક્તિ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના પંચે જે ૮૨ જ્ઞાતિઓ-વર્ગો-જૂથોની ભલામણ કરી છે, તેમાંથી એક જ્ઞાતિ-વર્ગ-જૂથની છે કે નહિ તે નક્કી કરવામાં અમુક કિસ્સાઓમાં મુશ્કેલી પડે છે તેવું સરકારના ધ્યાન ઉપર આવેલ છે.

૨. જ્ઞાતિ અને અટકને કશો સંબંધ નથી. અટક ગમે તે રાખવામાં આવે તેનાથી વ્યક્તિની જ્ઞાતિ બદલાઇ જતી નથી. અટકો હવે જ્ઞાતિઓ પૂરતી મર્યાદિત રહી નથી. વ્યક્તિની અટક અને જ્ઞાતિ એક પણ હોઇ શકે અને બંને જુદી જુદી પણ હોઇ શકે. અટક બદલવાથી વ્યક્તિની જ્ઞાતિ બદલાઇ જતી નથી.

૩. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની વ્યક્તિઓને સામાન્ય રીતે તેમના શાળા છોડયાના પ્રમાણપત્રના આધારે જરુરી પ્રમાણપત્ર આપી શકાય. માધ્યમિક શાળાંત પરીક્ષાનું પ્રમાણપત્ર (એસ. એસ. સી.) અને જન્મ નોંધણી અંગેનો દાખલો જેમાં ઉમેદવારની જ્ઞાતિ અથવા કોમ અને રહેઠાંણનું સ્થળ દર્શાવવામાં આવ્યા હોય; તેના આધારે પણ આવું પ્રમાણપત્ર આપી શકાય. જો કોઇ વ્યક્તિ અમુક જ્ઞાતિ-વર્ગ-જૂથની હોય અને જો તેના શાળા છોડયાના પ્રમાણપત્રમાં અથવા માધ્યમિક શાળાંત પરીક્ષાના પ્રમાણપત્રોમાં અથવા જન્મ નોંધણી અંગેના દાખલામાં (જેમાં ઉમેદવારની જ્ઞાતિ અથવા કોમ અને રહેઠાંણ દર્શાવવામાં આવ્યા હોય ) જો કોઇ બીજી જ્ઞાતિ-વર્ગ-જૂથ લખવામાં આવ્યું હોય તો તેવા કિસ્સામાં બારોબાર ચકાસણી કર્યા બાદ જ પ્રમાણપત્ર આપવું જોઇએ. આવા ચકાસણી કરવા માટે પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ અધિકારીઓએ જે તે વ્યક્તિને

તેની જ્ઞાતિ-વર્ગ-જૂથ માટેના આનુષંગિક પૂરાવાઓ રજૂ કરવા માટે જણાવવું જોઇએ, જેમકે, તેના સગાવહાલાઓએ કઇ જ્ઞાતિમાં લગ્ન કર્યા છે. તેમના બાપ-દાદાઓ અગર કુટુંબના સભ્યોમાંથી કોઇનું જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર મળી શકે તેમ છે કે નહિ, તેની જ્ઞાતિ-વર્ગ-જૂથ અંગે કોઇ દસ્તાવેજો / પુરાવો રજૂ કરી શકાય તેમ છે કે નહિ, વગેરે આ રીતે સક્ષમ અધિકારીને વ્યકિત સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત છે તેની ખાત્રી થયા બાદ તેમણે આવા કિસ્સાઓમાં તે વ્યકિતને - સોગંદનામું (એફીડેવીટ ) પણ રજૂ કરવા માટે અચૂક જણાવવું જોઇએ, સોગંદનામું રજૂ કરવાથી તે વ્યકિતનો પોતાનો જવાબદારી રહે છે અને જો સોગંદનામું ખોટું પુરવાર થાય તો, તે વ્યકિત સામે કાયદેસર પગલાં લઇ શકાય છે. અનુસુચિત જાતિ અનુસુચિત જન જાતિના ઉમેદવારોને જ્ઞાતિ અંગેના પ્રમાણપત્રો આપતી વખતે, તેમની જ્ઞાતિ અંગે જે રીતે ચકાસણી કરવામાં આવે છે તે જ રીતે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોના ઉમેદવારોને જ્ઞાતિ-વર્ગ-જૂથ અંગેનું પ્રમાણપત્ર આપતી વખતે તેવી ચકાસણી કરવી જોઇએ.

૪. આ અંગે થોડા દાખલાઓ નીચે આપ્યા છે, જેનાથી ઉપરોકત બાબત વધુ સ્પષ્ટ થશે.

(૧) બક્ષી પંચે ''ગોલા રાણા'' જ્ઞાતિ, જેનો પરંપરાગત વ્યવસાય અનાજ સાફ કરવાનો અને ડાંગર છડીને ચોખા બનાવવાનો હતો. એને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ગણી છે. ''રાણા'' અથવા ''હિન્દુ રાણા'' નો આમાં સમાવેશ થતો નથી. જો કોઇ વ્યકિત ખરેખર ''ગોલા રાણા'' જ્ઞાતિ હોય, પરંતુ તેના શાળા છોડયાના પ્રમાણપત્રમાં તેની જ્ઞાતિ અગર તેની અટક અને જ્ઞાતિ બંને ''રાણા'' અથવા ''હિન્દુ રાણા'' લખાવેલો હોય તો તેવી વ્યકિત પાસેથી તે ગોલારાણા જ્ઞાતિનો છે તે માટેના ઉપરોકત ફકરા-૩ માં જણાવ્યા મુજબના આનુષંગિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ મેળવવા જોઇએ અને તે ઉપરાંત આવા કેસોમાં તે વ્યકિતને તેની જ્ઞાતિ અંગે જરુરી સોગંદનામું (એફીડેવીટ ) રજૂ કરવા જણાવવું જોઇએ.

(૨) બક્ષી પંચે ''ધારાળા'' જ્ઞાતિને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણી છે. એક કિસ્સામાં એવું ધ્યાન પર આવ્યું છે કે આ જ્ઞાતિના એક કુટુંબમાંથી બાપ અને દિકરાએ બંનેએ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્રો મેળવવા

અરજી કરેલ. તેમાંથી સક્ષમ અધિકારીએ બાપને પ્રમાણપત્ર આપેલ, પરંતુ દિકરાને આપેલ નહિ કારણ કે દિકરાના શાળા છોડયાના પ્રમાણપત્રમાં ''ધારાળા '' ને બદલે બીજીજ જ્ઞાતિ જણાવેલ આવા કિસ્સાઓમાં આનુષંગિક પુરાવાઓથી સક્ષમ અધિકારીને ખાત્રી થાય કે દિકરો તેજ જ્ઞાતિનો છે તો તેની પાસેથી જ્ઞાતિ અંગે જરૂરી સોગંદનામું (એફીડેવીટ ) રજૂ કરવા જણાવી પ્રમાણપત્ર આપી શકાય.

(૩) ''તળપદા કોળી '' જ્ઞાતિને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ગણવામાં આવી છે. જો કોઇ વ્યકિત ખરેખર '' તળપદા કોળી '' જ્ઞાતિની હોય, પરંતુ તેના શાળા છોડયાના પ્રમાણપત્રમાં ''તળપદા કોળી પટેલ '' અથવા તો બીજી કોઇ જ્ઞાતિ લખાવેલી હોય તો તે વ્યકિતને તેની જ્ઞાતિ ''તળપદા કોળી '' જ છે તે પૂરવાર કરવા માટે ઉપરના દાખલા (૧) અને (૨) માં જણાવ્યા મુજબ, જરૂરી પુરાવાઓ રજુ કરવા માટે જણાવવું જોઇએ અને સક્ષમ અધિકારીએ તે વ્યકિત સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત છે તેની ખાત્રી થયા બાદ તેમની પાસેથી જરૂરી સોગંદનામું પણ મેળવવું જોઇએ અને પછી જ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનું પ્રમાણપત્ર આપવું જોઇએ.

૪. આ અંગેના પ્રમાણપત્રો આપતી વખતે, ઉપરોકત સૂચનાઓનો બરાબર અમલ કરવા માટે આવા પ્રમાણપત્રો આપવા માટે સક્ષમ અધિકારીઓને આથી સૂચના આપવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી.કી. જોષી.
સંયુકત સચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ
વિભાગ.

પ્રતિ,
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ.
બધા કલેકટરો/ બધા જિલ્લા વિકાસ અધિકારીઓ,
બધા મદદનીશ/ નાયબ કલેકટરો,
બધા નાયબ જીલ્લા વિકાસ અધિકારીઓ,
બધા જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ (રાજય અને પંચાયત )
બધા મામલતદારો / બધા તાલુકા વિકાસ અધિકારીઓ,
સચિવાલયના બધા વિભાગો,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની બધી શાખાઓ,
નકલ જાણ અર્થે રવાના:-
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી / મંત્રીશ્રી (હરિજન કલ્યાણ ) ના અંગત સચિવશ્રી,
સંસદીય સચિવશ્રી (હરિજન કલ્યાણ ) ના અંગત મદદનીશશ્રી,
સીલેકટ ફાઇલ.